

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### ગાંધીનગર જિલ્લામાં ૧,૧૮,૨૮૧ ખેડુત ખાતેદારો નોંધાયેલા છે

ગાંધીનગર જિલ્લામાં કેટલા ખેડુત ખાતેદારો નોંધાયેલા છે જયારે છેલ્લા બે વર્ષમાં કયા ખેડુત ખાતેદારોમાં કેટલો વધારો થયો છે ? વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડના પ્રશ્ન સંદર્ભે કૃષિમંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ ૩૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૧,૧૮,૨૮૧ ખેડુત ખાતેદારો નોંધાયેલા છે. જયારે જિલ્લામાં નાના ખાતેદારો ૨૯૪૫૩ , મધ્યમ ૪૮૩૫ અને સિમાંત ખેડુત ખાતેદારોની સંખ્યા ૬૭૮૯૮ છે. જયારે પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોવાથી બે વર્ષમાં થયેલા વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

- **બે વર્ષમાં ખાતરના ૪૦૭ નમુના લેવાયા : ૪ બિન પ્રમાણિત**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ખાતરના કુલ કેટલા નમુના લેવામાં આવ્યા જયારે બિનપ્રમાણિત નમુનાઓને અનુલક્ષી શુ કાર્યવાહી કરવામાં આવી ? દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે આ અંગે રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે કૃષિ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં ખાતરના કુલ ૪૦૭ નમુના લેવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૪ નમુનાઓ બિનપ્રમાણિત થયા છે. બિન પ્રમાણિત નમુનાઓને ધ્યાને લઈ એક કિસ્સામાં કોર્ટ કેસ તેમજ ૩ કિસ્સામાં વહીવટી પગલા ભરવામાં આવ્યા છે.

- **અનાજના ૯ ગોડાઉન ૯૭૦૦ મે ટનની સંગ્રહ શકિત માણસામાં નવુ બનશે**

ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કેટલા ગોડાઉનો આવેલા છે જયારે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી તેમજ સંગ્રહ શક્તિ વધારવા માટે સરકારે શુ પગલા લીધા છે ? ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં અન્ન નાગરિક પુરવઠા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ જિલ્લામાં કુલ ૯ ગોડાઉનો આવેલા છે. જયારે ગોડાઉનોની સંગ્રહ શક્તિ ૯૭૦૦ મે . ટન છે. આ ગોડાઉનોની સંગ્રહ શકિત વધારવા માટે વેરહાઉસીંગ ઈન્ફાસ્ટ્રકચર પ્રોજેકટ-૨ હેઠળ ગાંધીનગર ખાતે ૫ હજાર મેટ્રીક ટન સંગ્રહ શકિતના ગોડાઉન બાંધકામ પુર્ણ કરવામાં આવ્યુ છે. જયારે વેરહાઉસીંગ ઈન્ફાસ્ટ્રકચર પ્રોજેકટ -૩ હેઠળ માણસા ખાતે ૨ હજાર મે ટનના ગોડાઉન બાંધકામના ટેન્ડરનો વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે.

- **કિસાન કલ્પવૃક્ષ યોજના અન્વયે ૮.૨૫ લાખની સહાય ચુકવાઇ**

જિલ્લામાં કીસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બે વર્ષમાં કલોલ બજાર સમિતિને કેટલી રકમ મંજુર કરવામાં આવી ? ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં સહકાર મંત્રીએ જણાંવ્યુ હતુ કે રૂ ૮.૨૫ લાખ સહાય મંજુર કરવામાં આવી છે. જયારે આ અન્વયે સંપુર્ણ રકમ ચુકવી દેવામાં આવી છે.

- **નવેમ્બર ૨૦૧૨ થી ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં હાઇસિક્યુરીટી નંબર પ્લેટનો અમલ**

ગાંધીનગર જિલ્લા આર ટી ઓ કચેરીમાં નવા વાહનોને નંબર પ્લેટ લગાવાનો કોન્ટ્રાકટ કઇ એજન્સીને ક્યારથી સોંપાયો છે અને

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૬-૭ એપ્રિલે ગુણોત્સવ યોજાશે

**ગુણોત્સવ માટેની શાળાઓ માટે ત્રણ કેટેગરી નિયત કરાઈ : છેલ્લા બે ગુણોત્સવમાં સી અને ડી ગ્રેડ મેળવનાર શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની સેવાપોથીમાં નોંધ કરાશે : એ અને એ પ્લસ ગ્રેડ મેળવનાર શાળાને ૧૦ હજારનો પુરસ્કાર આપી સન્માનિત કરાશે**

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૬ અને ૭ એપ્રિલના રોજ રાજ્ય સરકાર દ્વારા સરકારી અને અનુદાનિત પ્રા. શાળાઓના ગુણોત્સવ-૮નું આયોજન કરવાની વિધિવત જાહેરાત કરી છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ ગુણોત્સવના આયોજનને લઈ પ્રાથમિક માર્ગદર્શક સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે. ત્રિદિવસીય ગુણોત્સવને બદલે બે દિવસનો ગુણોત્સવ યોજવામાં આવશે એટલુ જ નહિ આ ગુણોત્સવમાં ગુણવત્તાસભર શિક્ષણ પર ખાસ ભાર મુકવામાં આવશે.

રાજ્યની ૨૦ ટકા સ્કૂલોને આ ગુણોત્સવમાં આવરી લેવાશે તેમજ લેખન-ગણન અને વાંચન થકી આ અંગેનું મૂલ્યાંકન થશે. શિક્ષણ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યુ છે કે મૂલ્યાંકનમાં ૬૦ ટકા ગુણાંકન મૂલ્યાંકનને આધારે થશે જયારે ૨૦ ટકા ગુણાંકન ભૌતિક સુવિધાના હશે અને ૨૦ ટકા ગુણાંકન સહઅભ્યાસીક પ્રવૃત્તિને લગતા રહેશે.

સરકારે આ માટેની તૈયારી માટે જે સૂચના આપી છે તેમાં રૂટને પણ ત્રણ કેટેગરીમાં વિભાજીત કરી રૂટ તૈયાર કરવા જણાવાયુ છે. જેમાં અગાઉ જે સાત ગુણોત્સવ યોજાઈ ગયા છે તે દરમ્યાન જે શાળાઓનું મૂલ્યાંકન ન થયુ હોય તેવી શાળાઓને સમાવવાની રહેશે.

આ સાતેય ગુણોત્સવના પરિણામોમાં જે શાળાઓના પરિણામમાં અસાધારણ ફેરફાર દેખાયો હોય તેવી શાળાઓ તેમજ છેલ્લા બે ગુણોત્સવમાં સી અને ડી ગ્રેડમાં આવી હોય તેવી શાળાઓને પણ રૂટમાં સમાવવામાં રહેશે.

એન.એ.એસ. માટે સમાવિષ્ટ થયેલ શાળાઓને ગુણોત્સવ માટેના રૂટમાં સામેલ નહિ કરવાની સ્પષ્ટ સૂચના પણ સરકારે આપી છે.

સરકારે એ પ્લસ અને એ ગ્રેડ મેળવનાર શાળાને રૂ. ૧૦હજારનું પારિતોષિક આપવાનો પણ નિર્ણય કરેલ છે.

જે શાળાઓ સતત સી અને ડી ગ્રેડમાં આવી છે તેવી શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોના ખાનગી અહેવાલ તેમજ સેવાપોથીમાં તેની નોંધ કરવાની પણ કડક ચીમકી ઉચ્ચારી છે.

બી.આર.સી. સી. આર. સી.ની જો ૫૦ ટકા કે તેથી વધુ શાળાઓ છેલ્લા બે વર્ષમાં સી અને ડી ગ્રેડમાં આવી છે તેમની નિમણુંકો રદ કરવાની કાર્યવાહી કરવાની પણ કડક સૂચના તૈયારી અંગેના પરિપત્રમાં આપતાં તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

સરકારના શિક્ષણ વિભાગે જણાવ્યુ છે કે ધો. ૬, ૭ અને ૮ના બાળકોનું લેખન-ગણન માટે ઓ.એમ.આર. સીટની મદદથી મૂલ્યાંકન થશે અને આ માટે

● અનુસંધાન પાન-૭ પર



માટલાના પાણીની મીઠાળ - રાજ્યમાં ધીમે ધીમે ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. ત્યારે બજારમાં ઠંડા પાણીની ગરજ સારતા દેશી માટલાનું બજારમાં આગમન થઈ ગયું છે. દેશી માટલાની આજે પણ બોલબાલા છે અને લોકો માટલાનું પાણી પીવાનો આગ્રહ રાખે છે. આધુનિક ઉપકરણો ભલે આવી ગયા હોય પણ માટલાના પાણીની મીઠાસનો આહલાદક અનુભવ છે. દેશી માટલા બનાવીને જીવન નિર્વાહ કરનારા અનેક પરિવારો માટે ઉનાળો આશીર્વાદરૂપ બને છે. શહેરના અનેક વિસ્તારોમાં દેશી માટલા ખડકાઈ ગયા છે અને પરિવારો તેમાંથી રોજી રોટી મેળવી જીવન-નિર્વાહ કરી રહ્યા છે. ફ્રિજ અને આરો પ્લાન્ટ ભલે આવી ગયા હોય પરંતુ તેની સામે દેશી માટલાની ચમક જરાય ફિક્કી પડી નથી કે માંગમાં ઘટાડો થયો નથી. આજકાલ રાજસ્થાની અને લીલછાના માટલાની શહેરીજનોમાં માંગ વધુ છે.

## આજે ગાંધીનગર આવતા સાંસદ લાલકૃષ્ણ અડવાણી

**સાંજે ૪ વાગે સરકીટહાઉસ ખાતે યોજાયેલ ગ્રામ વિકાસની 'દિશા' બેઠકમાં હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય જનતા પક્ષના અગ્રણી અને સાંસદ લાલકૃષ્ણ અડવાણી આજે એક દિવસ માટે ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ સાંજે ૪ વાગે ગાંધીનગર સરકીટ હાઉસમાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકમાં હાજરી આપશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જિલ્લામાં અમલી ૨૫ થી વધુ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની અમલવારીની સમીક્ષા માટે યોજાયેલ બેઠકમાં હાજરી આપવા માટે તેઓ આવી રહ્યા છે.

એક વર્ષના ગાળા બાદ અને રાજ્યમાં નવી સરકારની રચના થયા બાદ તેઓ પ્રથમવાર ગાંધીનગર આવી રહ્યા છે. સરકારની શપથવિધિમાં તેમણે હાજરી આપી હતી પરંતુ તે પછી તેઓ તુરત જ પરત ગયા હતા. અડવાણીની અધ્યક્ષતામાં મળનારી આ સમીક્ષા બેઠક માટે તંત્ર દ્વારા એક પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં યોજનાઓના અમલીકરણને લઈ હાંસલ થયેલ સિદ્ધિઓ પણ તંત્ર દ્વારા દર્શાવવામાં આવશે.

આ સમીક્ષા બેઠક સાંજે ૪ વાગે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે મળશે અને તે બેઠકમાં જિલ્લાના ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, ચારેય તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, ૪ નગરપાલિકાના નગરપતિઓ ઉપરાંત ગાંધીનગર મનપાના કમિશ્નર અને મેયરશ્રીને પણ ઉપસ્થિત રહેવા માટેના નિમંત્રણ તંત્ર દ્વારા મોકલી દેવામાં આવ્યા છે. અગાઉ આ બેઠક સાંસદ જયશ્રીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ શ્રી અડવાણી આવી રહ્યા હોવાથી હવે તેમના અધ્યક્ષસ્થાને આ બેઠક મળશે. આ બેઠકમાં સાંસદના આદર્શગ્રામ સહિતની યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી રૂલલ બીમા યોજના જેવી યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

## ખેતીની પદ્ધતિમાં બદલાવ લાવવો એ સમયની માંગ છે : પરબતભાઈ પટેલ



ગાંધીનગર, તા. ૧૬

ખેડૂતોએ પરંપરાગત ખેતીને બદલે હવે આધુનિક ખેતી તરફ વળવુ પડશે તેમજ જળબચતને પણ અગ્રતા આપવી પડશે તેમ જિલ્લાના પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલે આત્મા આયોજિત દ્વિદિવસીય કૃષિમહોત્સવની ઉજવણીનો આરંભ કરાવતાં ઉચ્ચાર્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે આજે ચોતરફ સ્પર્ધાનો માહોલ છે ત્યારે વધુ ઉત્પાદન મેળવવા માટે આધુનિક ખેતી પદ્ધતિઓ એ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું તેમણે કહ્યુ હતુ.

પ્રભારી મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લાના અર્થતંત્રમાં જેટલું મહત્વ કૃષિનું છે તેટલુ જ મહત્વ પશુપાલનનું પણ છે તે વાત ભુલવી જોઈએ નહિ. દૂધ ઉત્પાદનમાં જિલ્લાના યોગદાનનો ઉલ્લેખ કરી તેમણે પશુપાલનને વધુ પ્રોત્સાહિત કરવા પર પણ ભાર મુક્યો હતો.

આત્મા દ્વારા યોજાયેલ આ કૃષિ મહોત્સવમાં ખેતી પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ છે જેમાં ૪૫થી વધુ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. આજે પ્રથમ દિવસે ૧૫૦૦થી પણ વધુ ખેડૂતો આ ઉજવણીમાં જોડાયા હતા.

કૃષિમેળા અને કૃષિ પ્રદર્શનનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્ર, ગાંધીનગર અને એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬-૩-૨૦૧૮ અને ૧૭-૩-૨૦૧૮ એમ બે દિવસ માટે થઈ રહેલ છે. આ કૃષિ મેળામાં જિલ્લાના ખેડૂત ભાઈ-બહેનોને પ્રત્યક્ષ કૃષિ પ્રદર્શનના સ્ટોલ અને પરિસંવાદ દ્વારા જ્ઞાન પુરૂ પાડવામાં આવ્યુ હતુ.

કૃષિમેળા અને કૃષિ પ્રદર્શનના કાર્યક્રમમાં નિયામકશ્રી સમેટી-વ-સ્ટેટ નોડલ ઓફીસરશ્રી, આત્મા પ્રોજેક્ટ ડૉ. પી.એમ. વઘાસીયા, ગાંધીનગર જિલ્લાના કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ તેમજ ખેતીવાડી ખાતાના સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) અમદાવાદ ડી.વી. બારોટ હાજર રહેલ. કાર્યક્રમની શરૂમાં સ્વાગત નાયબ ખેતી નિયામક (તા.) વ પ્રોજેક્ટ ડાયરેક્ટર ગાંધીનગર બી.એમ. પટેલે કરેલ તેમજ આભારદર્શન જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવે કરેલ. કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (ભૂમી સંકલન) વિગેરે હાજર રહ્યા હતા.

**જોઈએ છે**

૧૦-૧૨ વર્ષની છોકરીને ઘરે આવીને ડાન્સ શીખવાડી શકે તેવી (તેવા) ડાન્સ ટીચર (બેન)ની જરૂર છે.

M. 9898637999

## ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓને ગણિતની પરીક્ષાની તૈયારી માટે ત્રણ દિવસની રજા મળશે

ગાંધીનગર, તા.૧૬

ધોરણ -૧૦ માં પરીક્ષાના પ્રારંભથી જ વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. પરીક્ષાના પ્રારંભે જ ગુજરાતીનુ પેપર અત્યંત સરળ નિકળતા વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની શરૂઆત સારી રહી હતી. જયારે ત્યારબાદ વિજ્ઞાન અને આજે સામાજિક વિજ્ઞાન વિષયની કસોટી પણ સરળ રહી હતી. જયારે હવે ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓ ગણિત વિષયની કસોટી તરફ મીટ માંડીને બેઠા છે. જો કે ગણિતના પ્રશ્નપત્ર પુર્વે વિદ્યાર્થીઓને ત્રણ દિવસની રજા મળતા સામાજિક વિજ્ઞાન વિષયની કસોટીના અંતે પરીક્ષાર્થીઓ ગણિત વિષયની પરીક્ષાને અનુલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. ગણિત જેવા મહત્વના વિષયની તૈયારી માટે પરીક્ષા દરમિયાન જ ત્રણ ત્રણ રજા મળતા વિદ્યાર્થીઓ નિરાંત અનુભવી રહયા છે.

## ધોરણ-૧૨માં ગણિતનુ પેપર સમયમર્યાદામાં પુર્ણ થાય તેવુ સરળ

ગાંધીનગર, તા.૧૬

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિતના મહત્વના વિષયની વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી ૨૩૮૮ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

ગણિતની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઇ હતી. ગણિતના વિષય નિષ્ણાંત પ્રતિક પંડયાએ આ અંગે જણાંવ્યુ હતુ કે પ્રશ્નપત્રમાં ૨, ૩ અને ૪ માર્કસના દાખલા પુસ્તકના જ હતા.વિભાગ - બી ૩ ગુણના દાખલામાં ૧૦ નંબરના પ્રશ્નમાં પ્રિન્ટીંગ મિસ્ટેક હતી. જયારે ૫૦ ગુણના એમ સી ક્યુ માં ૩ ગુણના પ્રશ્નો વિદ્યાર્થીની આવડત માંગી લે તેવા હતા. પેપર એકંદરે સારુ અને સમય મર્યાદામાં પુર્ણ થાય તેવુ હતુ.

## ધોરણ -૧૦ માં સામાજિક વિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ ૩૭૬ વિદ્યાર્થીઓ ગેરહાજર

ગાંધીનગર તા ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત બોર્ડ પરીક્ષા મધ્યાંતરે પહોંચી છે. જયારે ધોરણ -૧૦ અને ૧૨ માં ત્રણ મહત્વના વિષયોની કસોટી પુર્ણ થતા વિદ્યાર્થીઓ મહદઅંશે રાહત અનુભવી રહયા છે. જયારે ધોરણ -૧૦ માં પણ એકંદરે ત્રણેય પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો લીધો છે. ધોરણ -૧૦ માં આજે સામાજિક વિજ્ઞાનનુ પેપર પણ એકંદરે સરળ નિકળ્યુ હતુ. કીશોર કલાસીસના વિષય નિષ્ણાંત અલ્કેશ ત્રિવેદીએ આ અંગે જણાંવ્યુ હતુ કે ધોરણ - ૧૦ માં સામાજિક વિજ્ઞાનનુ પેપર પાઠય પુસ્તક આધારિત અને સરળ નિકળતા વિદ્યાર્થીઓને મજા પડી હતી. એમ સી ક્યુ પણ વિદ્યાર્થીઓ માટે ફેવરેબલ રહયા હતા. જયારે સ્વાધ્યાય આધારિત પ્રશ્નો પણ પુછાયા હતા. વિદ્યાર્થીઓએ સંતોષકારક રીતે પ્રશ્નોનો જવાબ આપ્યો હતો. બલ્યુ પ્રિન્ટ આધારિત અને એકંદરે સરળ પેપર નિકળતા વિદ્યાર્થીઓને હાંશ થઈ હતી. આજે ધોરણ -૧૦ માં ત્રીજુ પ્રશ્નપત્ર પણ સરળ નિકળ્યુ હતુ.

જિલ્લામાંથી ૨૬૧૯૧ વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૩૭૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે સંસ્કૃત મધ્યમા વિષયની કસોટી પણ ૨૩ વિદ્યાર્થીઓએ આપી હતી. જેમાં ૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન કોઈ કોપી કેસ નોંધાયો ન હતો.

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનો પાયલોટ પ્રોજેકટ લોદરામાં અમલી બનાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા ગામની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટેના પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં કચરામાંથી કંચન સહિતના પ્રોજેકટોના અમલીકરણની દિશામાં આગળ વધવામાં આવશે.

**લોદરામાં આજે કચરામાંથી કંચનની વિગતો સહિતની વાતો તંત્રના અધિકારીઓએ કહી હતી**

રાજયના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ પાયલોટ પ્રોજેક્ટ માટે લોદરાની પસંદગી કરવામાં આવી છે. આ માટે યુનિસેફ દ્વારા ખાસ કન્સલટન્ટની ભૂમિકા ભજવવામાં આવી રહી છે.

આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની અધ્યક્ષતામાં ગ્રામજનોની એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવી અને હાથ ધરવામાં આવી રહેલ આ પાયલોટ પ્રોજેક્ટની સૌ ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com